ક્રમાંક:જીઆઇડીસી/પ૧૭/પ૦-સરક/
પોસ્ટ-વિતરણ/પોલિસી/ ૧૭
જીઆઇડીસી, વડી કચેરી, ગાંધીનગર.
તા- ૦૨/૧૧/૨૦૨૨.

// પરિપત્ર //

વિષય : ૩૦૦૦ ચો.મી. સુધીના ક્ષેત્રફળ ધરાવતા ઔધોગિક પ્લોટ/શેડ,વાણિજય પ્લોટ અને રહેણાંક મિલ્કતોમાં પેટાભાડાની ફી પ્રતિ વર્ષ પ્રવર્તમાન વિતરણ દરના 3% ના બદલે ૧% પેટાભાડાની ફી વસૂલ મેળવવા અંગેની નીતિ અમલમાં મૂકવા બાબત

નિગમ દ્વારા ઔદ્યોગિક વસાહતોમાં ફાળવેલ પ્લોટ/શેડની મિલ્કતોને પેટાભાડે આપવા અંગે સમયાંતરે જુદી જુદી શરતો લાગુ પાડી પેટાભાડાની નીતિ અમલમાં મૂકવામાં આવેલ છે. જેમાં પેટાભાડાની ફી પ્રતિ વર્ષ પ્રવર્તમાન વિતરણ દરના 3% મુજબ વસુલ લેવાની જોગવાઈ અમલમાં છે.

રાજયના વિવિધ ઔધોગિક વસાહતો ખાતેના ઉદ્યોગકારો વતી ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ તેમજ એફઆઈએ દ્વારા નિગમ દ્વારા વસુલ મેળવવામાં આવતી 3% પેટાભાડાની ફી ના બદલે ૧% પેટાભાડાની ફી વસૂલ લેવા રજૂઆત કરવામાં આવેલ જે અન્વયે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે નિગમની હાલની પેટાભાડાની નીતિમાં પેટાભાડાની ફી પ્રતિ વર્ષ પ્રવર્તમાન વિતરણ દરના 3% થી ઘટાડી પ્રતિ વર્ષ પ્રવર્તમાન વિતરણ દરના ૧% લેખે વસૂલ કરવા નિગમની સભા દ્વારા ઠરાવ પસાર કરવામાં આવેલ, જેમાં પેટાભાડા અંગેની ઉદાર નીતિ ૩૦૦૦ ચો.મી. સુધીના ક્ષેત્રફળ ધરાવતા ઔધોગિક પ્લોટ/શેડ, વાણિજય પ્લોટ અને રહેણાંક મિલ્કતોમાં પેટાભાડાની ફી પ્રતિ વર્ષ પ્રવર્તમાન વિતરણ દરના 3% ના બદલે ૧% પેટાભાડાની ફી વસૂલ મેળવવા નીચે મુજબની પેટાભાડેની નીતિ અગાઉની નીતિના સ્થાને અમલમાં મુકવામાં આવે છે.

(૧) ફાળવણીદારે પેટાભાડાની અરજી ઓનલાઇન માધ્યમથી કરવાની રહેશે.
(૨) ફાળવવામાં આવેલ વપરાશી/વપરાશ થયેલ મિલ્કતના ચોક્કસ વિસ્તાર માટે મંજુર થયેલ બાંધકામને પેટાભાડે આપી શકશે.
(૩) નિગમની ૧૦૦% રકમ વસુલ લઈ વપરાશી મિલ્કત CGDCR-2017 મુજબના મંજુરીપાત્ર વિસ્તારને પેટાભાડે આપી શકાશે.
(૪) ખુલ્લી મિલ્કતોને પેટાભાડાની મંજુરી આપી શકાશે નહિ.
(૫) આ નીતિ ઔધોગિક પ્લોટ/શેડ ઉપરાંત રહેણાંક અને વાણિજય પ્લોટની મિલ્કતોને લાગુ પાડવી.
(૬) વિતરણ કરવામાં આવેલ મિલ્કત જે તે ઝોનમાં આવેલ હોય તે ઝોનને અનુરૂપ મિલ્કત વાણિજય/ઔધોગિક/આનુસાંગિક સુવિધાઓ માટે પેટાભાડે આપી શકાશે.

(૭) પેટાભાડાની દરખાસ્ત સમયે ફાળવણીદાર અન્ય પક્ષકાર સાથે જે કરાર કે દસ્તાવેજ કરે તેની શરતો ફાળવણીદારે નિગમ સાથે કરેલ લાયસન્સ એગ્રીમેન્ટ( કરારખત), લીઝડીડની શરતોને અનુરૂપ જ પેટાભાડે આપી શકશે.

(૮) ફાળવણીદાર દ્વારા અન્ય પક્ષકાર સાથે થતા કરાર કે દસ્તાવેજની નકલ નિગમને આપવાની રહેશે.

(૯) પેટાભાડે મેળવનાર મિલ્કતના પક્ષકારે રાસાયણિક ઉધોગ માટે પેટાભાડા આપવામાં આવેલ મિલ્કત ઉપર રાસાયણિક કે પ્રદુષણયુકત પ્રકાર માટે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનું "ના વાંધા પ્રમાણપત્ર" મેળવવાનું રહેશે તથા બિનરાસાયણિક ઝોનમાં રાસાયણિક પ્રકારની/પર્યાવરણને અસર કરતા ઉધોગ માટે પેટાભાડાની મંજુરી આપવાની રહેશે નહી.

(૧૦) ૩૦૦૦ ચો.મી. સુધીના ક્ષેત્રફળ ધરાવતા ઔધોગિક પ્લોટ/શેડ,વાણિજય પ્લોટ અને રહેણાંક મિલકતોમાં પેટાભાડાની ફી પ્રતિ વર્ષ પ્રવર્તમાન વિતરણ દરના ૧% લેખે પેટાભાડાની ફી વસૂલ મેળવવી તેમજ જે તે ઝોન/વસાહતનો પ્રવર્તમાન વિતરણ દર અમલમાં હોય તે ગણતરીમાં લેવાના રહેશે.વાણિજય હેતુ માટે ઔધોગિક વિતરણ દરના બમણાં અથવા રહેણાંક વિતરણ દરના દોઢા બે માંથી જે વધુ હોય તે તળીયાની કિમત ગણી પેટાભાડાની ફી વસુલવાની રહેશે.

(૧૧) મોબાઈલ ટેલીકોમ્યુનીકેશન ટાવર ઈન્સ્ટોલેશન માટે પેટાભાડે આપવા અંગે સદર નીતિ લાગુ પડશે નહી.

(૧૨) સદર નીતિ હેઠળ પેટાભાડાની મંજુરી આપવાની સત્તા નિગમના તા.૦૨/૧૨/૨૦૧૪ ના સત્તા સોંપણીના પરિપત્ર મુજબ રહેશે.

(૧૩) ૩૦૦૦ ચો.મી થી વધુ વિસ્તાર ધરાવતી તમામ મિલ્કતો માટે પેટાભાડેની ફી પ્રવર્તમાન વિતરણદરના ૩% લેખે વસૂલવાની રહેશે.

(૧૪) સદર નીતિ પરિપત્ર જારી કર્યા તારીખ થી તારીખ ૦૧/૦૫/૨૦૨૩ સુધી અમલમાં રહેશે અને આ સમયગાળા દરમ્યાન ઓનલાઈન માધ્યમથી અરજી કરવામાં આવેલ હશે તે જ ફાળવણીદારોને સદર નીતિનો લાભ મળશે. તા. ૦૧/૦૫/૨૦૨૩ પછી પેટાભાડાની અરજી કરવામાં આવશે તો પ્રતિ વર્ષ પ્રવર્તમાન વિતરણ દરના ૩% લેખે પેટાભાડેની ફી વસૂલવાની રહેશે.

નિગમના તમામ વિતરણ અધિકારીઓએ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો તથા સદર નીતિ જારી થયા પહેલાં નિર્ણય થયેલ હોય અને આખરી હુકમ જારી કરાયેલ હોય તેવા કિસ્સાઓને પુન: ઉખેડવાના રહેશે નહિ. આ પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પોસ્ટ-વિતરણ) ને પાઠવવાની રહેશે.

સહી/-

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

<u>નકલ રવાના</u> :

૧. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, ગાંધીનગર તરફ જાણ સારૂ.

૨. પ્રમુખશ્રીઓ, તમામ માન્ય ઔધોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂં.

૩. મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર ... નિગમની વેબસાઇટ પર મૂકવા સારૂં.

રવાના કર્યુ,

મેનેજર (મહેકમ)